# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/098 Dt. 14/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી– ૨૦૨૪ અંતર્ગત રાજ્યના ટેક્ષ્ટાઇલ એકમોને ઔદ્યોગિક પ્રોત્સાહનો અંગે સરકાર દ્વારા ગાઇડ લાઇન જાહેર કરાઇ

**ગુજરાતના ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંગ રાજપુત દ્વારા આ ગાઇડ લાઇનની જાહેરાત કરાઇ**

**સ્વરોજગાર માટે ૨૫ મહિલાઓના ગૃપને 'સેલ્ફ હેલ્પ ગૃપ' તરીકે માન્યતા મળશે, સરકારની ગાઇડ લાઇનનો હેતુ મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો અને રાજ્યના ગ્રામ તેમજ શહેરી વિસ્તારોમાં રોજગારીની નવી તકો ઉભી કરવાનો છે : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**

**શહેરી વિસ્તારમાં આવેલા જીઆઇડીસી નોટિફાઇડ એરિયામાં સ્થપાતા ટેક્ષ્ટાઇલ એકમોને હવે યોજનાઓનો લાભ મળશે, કમ્પોઝીટ યુનિટમાં સ્પીનિંગથી લઇને ફેબ્રિક સુધીની પ્રવૃત્તિઓનો સમાવેશ કરાતા ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ હવે વધુ હરણફાળ ભરશે : ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા**

**સુરત:** ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગુજરાત ટેક્ષ્ટાઇલ પોલિસી– ૨૦૨૪ અંતર્ગત રાજ્યના વિવિધ તાલુકાઓને કેટેગરી મુજબ વર્ગીકૃત કરીને ઔદ્યોગિક પ્રોત્સાહનો અંગે સરકાર દ્વારા ગાઇડ લાઇન જાહેર કરવામાં આવી છે. ગુરૂવાર, તા. ૧૪ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ વલસાડ કલેકટર કચેરી ખાતે ગુજરાતના ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંગ રાજપુત દ્વારા આ ગાઇડ લાઇનની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત વખતે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા ઉપરાંત વલસાડના ધારાસભ્ય તેમજ લોકસભાના વ્હીપ શ્રી ધવલ પટેલ, ધારાસભ્ય શ્રી ભરત પટેલ, કે. સ્વરૂપ (IAS) અને વલસાડ કલેકટર શ્રી ભવ્ય વર્મા (IAS) ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સરકારની ગાઇડ લાઇન મુજબ સ્વરોજગાર માટે ઓછામાં ઓછા ૨૫ મહિલાઓના ગૃપને ‘સેલ્ફ હેલ્પ ગૃપ’ તરીકે માન્યતા આપવામાં આવશે. જેના અંતર્ગત દરેક મહિલાને દર મહિને રૂપિયા પાંચ હજાર સુધીનો લાભ આપવામાં આવશે. ગુજરાત સરકારનો હેતુ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં રોકાણને પ્રોત્સાહન આપવાનો, મહિલા સશક્તિકરણને મજબૂત બનાવવાનો અને રાજ્યના ગ્રામ તેમજ શહેરી વિસ્તારોમાં રોજગારીની નવી તકો ઉભી કરવાનો છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલી ગાઇડ લાઇન મુજબ શહેરી વિસ્તારમાં આવેલા જીઆઇડીસી નોટિફાઇડ એરિયામાં સ્થપાતા ટેક્ષ્ટાઇલ એકમોને હવે સરકારની પ્રોત્સાહક યોજનાના લાભ મળી શકશે. સરકારની ગાઇડ લાઇન મુજબ હવે કમ્પોઝીટ યુનિટમાં સ્પીનિંગથી લઇને ફેબ્રિક સુધીની પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવી છે. સરકારની આ ઉદ્યોગલક્ષી જાહેરાતને પગલે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ હવે વધુ હરણફાળ ભરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શહેરી વિસ્તારમાં આવેલા જીઆઇડીસી નોટિફાઇડ એરિયામાં સ્થપાતા ટેક્ષ્ટાઇલ એકમોને સરકારની યોજનાઓનો લાભ અપાવવા માટે રજૂઆતો કરવામાં આવી હતી, આથી સરકાર દ્વારા જાહેર કરાયેલી ગાઇડ લાઇનમાં તેનો સમાવેશ કરવામાં આવતા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી સહિતના ઓફિસ બેરર્સ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત અને ગુજરાતના રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીનો આભાર વ્યકત કરવામાં આવે છે.